ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# છેલ્લા અઢી વર્ષમાં જિલ્લામાં ચાર નવી ગ્રામ પંચાયતો બની

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં વસ્તીના વધેલા ભારણને પગલે છેલ્લા અઢી વર્ષમાં ૪ પંચાયતોના વિભાજનના નિર્ણયને જિલ્લા પંચાયત દ્વારા બહાલી આપવામાં આવી છે.

જિલ્લાના ૧૯ ગામ અને ૧ નગરપાલિકા વિસ્તારને ગાંધીનગર-અમદાવાદ સાથે ભેળવી દેવાયાના નિર્ણય પછી જિલ્લામાં પંચાયતોની સંખ્યા ઘટી હતી. જિલ્લામાં ૪ નવી પંચાયતો હવે અસ્તિત્વમાં આવી રહી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારને શહેરો સાથે ભેળવવામાં આવ્યા તે પૂર્વે જિલ્લામાં ૩૦૩ ગ્રામ પંચાયતો હતી. આ પછી તે ઘટીને ૨૮૮ થઈ હતી.

છેલ્લા અઢી વર્ષમાં જે ચાર નવી પંચાયતોની રચના માટે નિર્ણય લેવામાં આવ્યો છે તેમાં સોજામાંથી મણિનગર ગ્રામ પંચાયત નવી બનાવવાનો, સમૌમાંથી હનુમાનપુરા નવી ગ્રામ પંચાયત બનાવવાનો આ ઉપરાંત તાજેતરમાં જિલ્લા પંચાયતની મળેલી સામાન્ય સભામાં પહાડિયામાંથી સુજાના મુવાડાની નવી ગ્રામ પંચાયત તેમજ વડવાસામાંથી મામાપરા નવી ગ્રામ પંચાયત બનાવવાનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે.

જિલ્લામાં ગ્રામીણ વિસ્તારમાં વસ્તીનું ભારણ વધ્યુ છે તેમજ આ નવી બનાવવામાં આવેલી પંચાયતો તેમના આર્થિકભારણને વહન કરવા માટેની ક્ષમતા ધરાવતા માપદંડોમાં ખરા ઉતરતાં હોવાથી તેને બહાલી આપવામાં આવી છે.

મણિનગર અને હનુમાનપુરાની નવી પંચાયતોની રચનાને સરકારે પણ બહાલી આપી દીધી છે. હવે છેલ્લી સામાન્ય સભામાં નવી પંચાયતોની રચના માટેના પ્રસ્તાવને સરકાર દ્વારા આગામી દિવસોમાં બહાલી આપવામાં આવશે.

નવી પંચાયતો બની રહી છે પણ આ પંચાયતોને મહેસુલી ગામનો દરજ્જો આપવાની બાબતે સરકારનું મૌન હોવાથી ગ્રામીણ વિસ્તારમાં રોષની લાગણી વધી રહી છે. મહેસુલી ગ્રાન્ટ મેળવવા માટે જુની પંચાયતોને જ મળે છે અને તેના હિસ્સા પેટે જે રકમ મળવી જોઈએ તેટલી મળતી નથી તેથી ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસના કામો અવરોધાય છે.



ગાંધીનગર શહેરનું સૌંદર્ય તેના વૃક્ષો છે. ચારેબાજુ ખીલી ઉઠેલી હરિયાળી શહેરને આકર્ષક બનાવે છે. સેક્ટર-૧૧માં એલઆઈસીની ઓફિસ નજીક સુંદર મજાનુ ચંપાનુ વૃક્ષ હતુ જે આવતા-જતા રાહદારીઓને આકર્ષી રહ્યુ હતુ. જો કે ભારે વરસાદના કારણે ચંપાનુ આ વૃક્ષ ધરાશાયી થઈ જતા પ્રકૃતિપ્રેમીઓ નિરાશ થયા છે.

## જિલ્લાના ચારેય તાલુકામાં મોસમનો ૧૪૧ મી.મી. વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં ચોમાસાની આ સિઝન દરમ્યાન રવિવારની સવારના ૬ વાગ્યા સુધીમાં ૧૪૧ મી.મી. સરેરાશ વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં સિઝનનો સરેરાશ ૭૭૭ મી.મી. વરસાદ નોંધાતો હોય છે. જિલ્લામાં આ વખતે જૂન અને જુલાઈમાં જ ૧૪૧ મી.મી. વરસાદ નોંધાઈ ચુક્યો છે.

જિલ્લામાં સૌથી વધુ વરસાદ દહેગામ તાલુકામાં ૧૬૫ મી.મી. નોંધાયો છે. ગાંધીનગરમાં ૧૩૯ મી.મી., કલોલમાં ૧૦૪ મી.મી. અને માણસામાં ૧૫૬ મી.મી. વરસાદ નોંધાયો છે. ગત

**જિલ્લામાં સૌથી વધુ વરસાદ દહેગામ તાલુકામાં ૧૬૫ મી.મી. નોંધાયો છે. ગાંધીનગરમાં ૧૩૯ મી.મી., કલોલમાં ૧૦૪ મી.મી. અને માણસામાં ૧૫૬ મી.મી. વરસાદ**

ચોમાસામાં ગાંધીનગર અને માણસા તાલુકામાં વરસાદની ઘટ જરૂર રહી હતી.

ટકાવારીના સાપેક્ષમાં જિલ્લામાં સિઝનનો અત્યાર સુધીમાં ૧૮.૧૫ ટકા વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ દહેગામમાં ૨૦.૫૨ ટકા, માણસામાં ૧૯.૬૦ ટકા, ગાંધીનગરમાં ૧૯.૪૬ ટકા અને કલોલમાં ૧૩.૦૮ ટકા વરસાદ નોંધાયો છે.

છેલ્લા પાંચ જ દિવસમાં જિલ્લામાં સરેરાશ ૮૨ મી.મી. વરસાદ નોંધાયો છે. ૨૯-૬-૨૩ અને ૩૦-૬-૨૩ ના બે દિવસમાં જ સરેરાશ ૫૨ મી.મી. વરસાદ નોંધાયો છે જે ઉલ્લેખનીય છે. જિલ્લામાં ૫ મી જુલાઈ સુધી વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે જે નોંધનીય છે.

# જિલ્લામાં મેઘ મ્હેરને પગલે ૩૩ ટકા વિસ્તારમાં ખરીફ વાવેતર સંપન્ન થયુ

### કપાસ, મગફળી, શાકભાજી, મગ, તલનું વાવેતર ઉપરાંત મૂંગા પશુધન માટેના ઘાસચારાનું વાવેતર નોંધાયુ : ૪૨ હજાર હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ત્રણ તાલુકામાં વાવણીલાયક વરસાદ પછી ખરીફ ઋતુના વાવેતરમાં વેગ આવ્યો છે. જિલ્લામાં ૩૩ ટકા વિસ્તારમાં ખરીફ ઋતુનું વાવેતર સંપન્ન થઈ ગયુ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૨ હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં ખરીફ ઋતુનું વાવેતર સંપન્ન થયુ છે. જિલ્લામાં ખરીફ ઋતુનું સૌથી વધુ વાવેતર માણસા તાલુકામાં થયુ છે જ્યાં ૪૭.૫૦ ટકા વિસ્તારમાં વાવેતર સંપન્ન થઈ ગયુ છે. સૌથી ઓછુ વાવેતર કલોલ તાલુકામાં ૧૫ ટકા તો ગાંધીનગરમાં ૩૮ ટકા અને દહેગામમાં ૩૦ ટકા જેટલુ વાવેતર સંપન્ન થયુ છે.

જિલ્લામાં ખરીફ ઋતુના વાવેતરમાં ખેડૂતોએ પ્રયોગ કરવાનું ટાળી અને પરંપરાગત ખેતી પર વધુ હાથ અજમાવ્યો છે.

જિલ્લામાં આ વખતે કપાસનું વાવેતર ૧૭,૯૩૭ હેક્ટરમાં, મગફળીનું વાવેતર ૭૪૦૦ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૫૨૫૨ હેક્ટરમાં, તલનું વાવેતર ૫૪ હેક્ટરમાં, મગનું વાવેતર ૩૧ હેક્ટરમાં તેમજ ચોમાસુ બાજરીનું વાવેતર ૨૦૨૫ હેક્ટરમાં કરવામાં આવ્યુ છે. ૬૦૦થી વધુ હેક્ટરમાં ડાંગરનું ધરૂવાડિયુ કરવામાં આવ્યુ છે. ફેર રોપણીના પાકો માટે પણ ખેડૂતોએ તૈયારીઓ રાખી છે.

સારા ચોમાસાની આગાહી સાથે ખેડૂતો અત્યારે જે રીતે મેઘ-મ્હેર થઈ રહી છે તે ધ્યાને રાખી પરંપરાગત ખેતી અને મૂંગા પશુધનના ઘાસચારાના વાવેતર પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. જિલ્લામાં મૂંગા પશુધન માટે ૧૦ હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં ઘાસચારાનું વાવેતર કરેલ છે.

જિલ્લામાં કપાસનું વાવેતર માણસામાં વધુ નોંધાયુ છે જ્યાં ૬૯૧૩ હેક્ટરમાં, કલોલમાં ૧૨૪૭ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૪૩૦૭ હેક્ટરમાં અને દહેગામમાં ૫૪૭૦ હેક્ટરમાં નોંધાયુ છે.

મગફળીના પાકનું વાવેતર દહેગામમાં ૨૦૪૦ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૪૧૩૫ હેક્ટરમાં, કલોલમાં ૪ હેક્ટરમાં તેમજ માણસામાં ૧૨૨૨ હેક્ટરમાં નોંધાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વરસાદી વાદળો વિખેરાતા ગરમીનો પારો ૨.૫ ડીગ્રી ઉંચકાયો

### સિઝનનો ૭ ઇંચ વરસાદ : આકાશ ચોખ્ખુ થતા તાપ વચ્ચે ગરમીનુ પ્રમાણ પણ વધ્યુ

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં તોફાની વરસાદ બાદ છેલ્લા ત્રણ દિવસથી વાદળિયા વાતવરણ વચ્ચે ઝરમરિયા વરસાદથી સતત ભીંજારાનો માહોલ જોવા મળતો હતો. સેકટરોમાં પણ ઠેર ઠેર વરસાદી પાણીના ખાબોચિયા ઉભરાવાની સાથે અનેક દુવિધાઓ સ્થાનિકો માટે હાલાકીનુ કારણ બની છે. જો કે સતત ભીંજારા બાદ આજે આકાશ ચોખ્ખુ રહેવાની સાથે દિવસ દરમિયાન ઉઘાડ નિકળતા નગરજનોએ હાંશકારો અનુભવ્યો હતો. શહેરમા અત્યાર સુધી સિઝનનો ૭ ઇંચ વરસાદ વરસ્યો છે. જયારે વાતાવરણ પલ્ટાના અંતે આજે ગરમીનો પારો પણ ૨.૫ ડીગ્રી ઉપર આવ્યો હતો. જો કે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ઘટવાના લીધે નગરજનોએ ઉકળાટમાં રાહત અનુભવી હતી.

ગાંધીનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી વરસાદી નઝારો નિખર્યો છે. ત્રણ દિવસ અગાઉ આવેલા તોફાની વરસાદના અંતે શહેરમાં ગઈકાલ સુધી વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમરિયો વરસાદ સતત વરસતા ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો જયારે સતત ટપકતા વરસાદી પાણીના લીધે સેકટરોમાં પણ ઠેર ઠેર કાદવ કિચ્ચડ વચ્ચે હાલ પણ વરસાદી પાણીનો ભરાવો જોવા મળે છે. જેની સાથે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પણ ઠેર ઠેર ઉભરાતી નજરે પડી રહી છે. છેલ્લા ચાર પાંચ દિવસથી વરસાદી વાતાવરણના અંતે આજે શહેરનુ આકાશ ચોખ્ખુ જોવા મળ્યુ હતુ. અલબત્ત વરસાદી વાદળો દુર હટી ગયા હતા. જયારે સવારથી જ ઉઘાડ નિકળતા દિવસનો તાપ પણ આકરો બન્યો હતો. દિવસ દરમિયાન વરસાદની ગેરહાજરી રહી હતી જયારે ચાર પાંચ દિવસના વરસાદી ભીંજારા બાદ તડકો નિકળતા નગરજનોએ પણ નિરાંત અનુભવી હતી.

બિપરજોય વાવાઝોડાના અંતે શહેરમાં બે ત્રણ દિવસ સુધી ઠંડક પ્રસરી હતી. જયારે વાવાઝોડાની અસર બાદ પ્રવર્તેલી ઠંડકના અંતે શહેરીજનો લાંબા સમયથી આકારે ઉકળાટ અનુભવી રહ્યા હતા જો કે વરસાદી વાયરાના અંતે શહેરમાં અંદાજિત ૭ ઇંચ વરસાદ વરસતા નગરજનો હવે બફારામાં પણ પ્રમાણમાં રાહત અનુભવી રહ્યા છે. વરસાદી વાતાવરણના લીધે છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો પણ ૩૦ ડીગ્રીની આસપાસ પહોંચી ગયો હતો જયારે મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે પણ માંડ ૭ થી ૮ ડીગ્રીનો તફાવત જોવા મળતો હતો. જયારે આજે મોસમનો નઝારો બદલાતા સવારથી જ આકાશમાં વરસાદી વાદળોની ગેરહાજરી વર્તાઇ હતી. જયારે દિવસના તાપના અંતે ગરમીનો પારો પણ ૨.૬ ડીગ્રી ઉંચકાયો હતો. આજે મહત્તમ તાપમાન ૩૩.૬ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૨૫ ડીગ્રી રહ્યુ હતુ. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ સવારે ૯૨ ટકા અને સાંજે ૭૫ ટકા રહ્યુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં સાંજના સમયે ભેજના પ્રમાણમાં પણ ૨૩ ટકાનો ઘટાડો થયો હતો. જેના લીધે નગરજનોએ આજે દિવસ દરમિયાન ઉકળાટમાં પણ રાહત અનુભવી હતી. વરસાદી વાતાવરણના અંતે આજે તડકો નિકળતા સેકટરોમાં ઉભરાતા વરસાદી પાણી પણ ઓસરાયા હતા.



સેક્ટર-૭ના શાકમાર્કેટ અને તેની આસપાસના વિસ્તારમાં ફરતુ એક વૃદ્ધ દંપત્તિ ખૂબ જ સુરીલો અવાજ ધરાવે છે. જુના ભજનો અને ગીતો તેમને કંઠસ્થ છે. આવા ભજનો ગાઈને તે રાહદારીઓને આકર્ષિત કરે છે. તેમની કળાની કદર કરતા રાહદારીઓ તેમને આર્થિક મદદ કરે છે. જેના કારણે તેમનુ ગુજરાન ચાલે છે.

# શહેરમાં વન વિભાગે શહેરમાં ૪૦ હજારથી વધુ વૃક્ષોનું વાવેતર કર્યુ

### રવિવારે પણ વન વિભાગ વૃક્ષોના વાવેતર માટે સતત દોડ્યુ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં વન વિભાગ દ્વારા સારા ચોમાસાની આગાહીને પગલે અત્યાર સુધીમાં



૪૦ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરી દેવામાં આવ્યુ છે.

શહેરમાં રોડસાઈડ પ્લાન્ટેશનને આ વખતે વન વિભાગે અગ્રતા આપી છે અને અત્યાર સુધીમાં ૩૦ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર સંપન્ન કર્યુ છે જ્યારે વનકવચ યોજના અંતર્ગત ૧૦ હજાર વૃક્ષોનું વાવેતર પૂર્ણ કર્યુ છે.

આજે રવિવારની રજાના દિવસે પણ વન વિભાગ દ્વારા વૃક્ષ વાવેતરની કામગીરી ચાલુ રાખવામાં આવી હતી.

વન વિભાગમાંથી જ પ્રાપ્ત થયેલી વિગતો મુજબ જી.ઈ.બી. નજીક વન કવચ અંતર્ગત મિયાંવાંકી રિફોર્મ જંગલ ઉભુ કરવા માટે ૧૦ હજાર વૃક્ષોનું વાવેતર પૂર્ણ કરી દેવામાં આવ્યુ છે.

બોરીજ ખાતે નિર્માણ પામનાર વનકવચમાં વૃક્ષોનું વાવેતર એક-બે દિવસમાં જ પૂર્ણ થઈ જશે.

ગાંધીનગર શહેરને ગ્રીનસીટીનું બિરૂદ ઝડપથી પાછુ મળે તે માટે આ વખતે વન વિભાગે વધુ વૃક્ષોના વાવેતર તેમજ તેની જાળવણી અને નિભાવણી માટેનો ખાસ રોડમેપ પણ તૈયાર કરી દીધો છે.

વન વિભાગના વિશ્વસનીય સૂત્રોના જણાવ્યાનુસાર શહેરમાં આ વખતે વિક્રમી વાવેતર કરવામાં આવશે. વન વિભાગ દ્વારા પાંચ મિયાવાંકી જંગલો રિફોર્મ કરી બનાવેલ વનકવચમાં જ વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવનાર છે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બાળકો માટે પંચવટી નિર્માણમાં કોની ઉદાસીનતા જવાબદાર

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બાળકો માટેના ઉદ્યાન બનાવવાને લઈ નિરાશાજનક ચિત્ર ઉપસી આવ્યુ છે. જો કે આ દિશામાં નક્કર આયોજનો કે આગેવાની લેવામાં કોણ પીછેહઠ કરી રહ્યુ છે તેની ચોક્કસ વિગતો જાણી શકાઈ નથી.

જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૮ પંચવટીઓના નિર્માણ માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે પરંતુ આ પૈકી માત્ર ૧૩ પંચવટીના કામ પૂર્ણ થયા છે. ૧૮-૧૯ અને ૧૯-૨૦ માં આ પંચવટીના નિર્માણમાં ગાંધીનગર, દહેગામ, માણસા તાલુકામાંથી કોઈ ગામે તૈયારી બતાવી નહિ હોવાનું જાણવા મળેલ છે.

પંચવટીના નિર્માણ માટે સરકાર તરફથી સહાય આપવામાં આવે છે એટલુ જ નહિ વૃક્ષોના વાવેતર માટે વૃક્ષો પણ પુરા પાડવામાં આવે છે પરંતુ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આ અંગે ઉદાસીનતા જોવા મળી રહી છે તે સ્પષ્ટ છે. ઉદાસીનતા કયા પક્ષે છે તે સ્પષ્ટ નથી, પણ આ કડવી વાસ્તવિકતા છે.

વૃક્ષારોપણ અને સામાજિક વનીકરણ થકી હરિયાળા જિલ્લાની કલ્પના દર વખતે રજુ થાય છે. વૃક્ષારોપણના કાર્યક્રમો પણ યોજાય છે પરંતુ જિલ્લો હરિયાળો બની શક્યો નથી. બાળકોના ગામેગામ ઉદ્યાન બનાવવામાં પણ જિલ્લાની જે રીતે પીછેહઠ થઈ છે તે અકલ્પનીય છે.

૨૦૧૭-૧૮માં જિલ્લામાં ૭ પંચવટી બનાવવાનો નિર્ણય લેવાયો પણ ૬ ના જ કામ પૂર્ણ થયા છે. ૨૦૧૮-૧૯માં માત્ર ૩ ગામ, ૨૦૧૯-૨૦માં પણ ૩ ગામ તો ૨૦૨૦-૨૧માં ૨ ગામમાં પંચવટીનો નિર્ણય લેવાયો તે પૈકી માત્ર ૧ ગામમાં આ કામ પૂર્ણ થયુ છે.

૨૦૨૧-૨૨માં માત્ર ૧ જ ગામમાં પંચવટીના નિર્માણ માટે નિર્ણય લેવાયો જ્યારે ૨૨-૨૩ માં ૩ ગામમાં બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પંચવટીના નિર્માણમાં અવરોધો શું છે ? કોની નિયતમાં ખોટ છે ? તેવા સવાલોના જવાબો અનુત્તર રહેવા પામ્યા છે.

# મુખ્યમાર્ગોની જાળવણી અને સફાઇનુ કામ ખાનગી એજન્સીને સોંપાશે

### શહેરના સાત ઉભા અને આડા માર્ગોની સમયાંતરે જાળવણી કરવા માટે પાટનગર યોજના ભવન એજન્સીને કામ સોંપશે

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ દોઢ દાયકાના અંતે હવે મહાનગરપાલિકાની જવાબદારી વધી છે. સેકટરોમાં માળખાગત સુવિધાના કામો અત્યાર સુધી મોટાભાગે પાટનગર યોજના વિભાગ હસ્તક હતા જયારે હવે સેકટરોના આંતરિક માર્ગો , રંગમંચ, લગ્નવાડી, બગીચાઓ અને ગટર લાઈનની વ્યવસ્થા સહીતની જવાબદારી કોર્પોરેશનને સોંપી દેવામાં આવી છે. પાટનગર યોજના ભવન પાસે હવે વિશેષ જવાબદારી રહેતી નથી ત્યારે શહેરના મુખ્ય સાત ઉભા અને આડા માર્ગાની નિભાવણી મામલે પાટનગર યોજના ભવન કક્ષાએથી ખાનગી એજન્સીને જવાબદારી સોંપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં માળખાગત સુવિધાના કામોની જવાબદારી અત્યાર સુધી પાટનગર યાજના ભવના શીરે હતી. જયારે કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ તબક્કવાર વિવિધ જવાબદારી હવે મહાનગરપાલિકને સોંપવામાં આવી રહી છે. અત્યાર સુધી સેકટરોના રંગમંચ ,લગ્નવાડી, બગીચાઓ તેમજ સેકટરોના આંતરિક માર્ગો સહીતની નિભાવણી હવે કોર્પોરેશને સોંપી દેવામાં આવી છે. જયારે થોડા દિવસો અગાઉ ગટર વ્યવસ્થાપનની નિભાવણી પણ કોર્પોરેશનને સોંપવામાં આવી છે. જયારે શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ઓપન એર થિયેટર અને ફુડકોર્ટ સોંપવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે. ત્યારે હાલ સ્ટ્રીટ લાઈટો અને શહેરના મુખ્યમાર્ગો પાટનગર યોજના ભવન હસ્તક છે. જો કે સ્ટ્રીટ લાઈટની જાળવણી પણ કોર્પોરેશનને સોંપી દેવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી મહાનગરપાલિકાએ આ જવાબદારી સંભાળી નથી. શહેરના સાત ઉભા અને આડા માર્ગો ની નિભાવણીની જવાબદારીને અનુલક્ષી પાટનગર યોજના ભવન દ્વારા હવે આ માર્ગોની સફાઈ અને જાળવણી કરવાની કામગીરી પણ એજન્સીને સોંપી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સમયાંતરે સફાઈ અને જાળવણીની અનિવાર્યતાને ધ્યાનમાં રાખીને આગામી દિવસોમાં હવે ખાનગી પેઢીને સોંપી દેવામાં આવશે. શહેરમાં હાલ વરસાદી દિવસોના અંતે સેકટરોના આંતરિક માર્ગોની દશા અત્યંત ખરાબ છે ત્યારે પાણી ગટર લાઈન નવી નાંખવા માટે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ થઈ રહ્યુ છે. આવા સંજોગોમાં નિયત સમય પુર્ણ થઈ ગયો હોવાછતા હાલ રસ્તાની સુધારણાનુ

● અનુસંધાન પાન-૭ પર

# ઓવર ટેપિંગના કારણે રાજ્યના ૧૩૦ રસ્તા બંધ

### એસ.ટીના ૩૨ રુટની ૧૦૪ ટ્રીપ રદ : વરસાદના કારણે એસટી બસના રુટને પણ અસર થઈ

ગાંધીનગર, તા.૨

ગુજરાત રાજ્યમાં અષાઢી માહોલ જામ્યો છે. ચોમાસાની શરૂઆતમાં જ વરસાદની જમાવટ થતા જગતનો તાત ખુશખુશાલ છે. ભારે વરસાદના પરિણામે રાજ્યના રસ્તાઓ ઓવર ટેપિંગના કારણે બંધ કરવામા આવ્યા છે. રાજ્યના અનેક વિસતારોમા પાણી ભરાયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન પડી રહેલા ભારે વરસાદના પરિણામે ૧૩૦ રસ્તા બંધ થયા છે. આ સાથે જ રાજ્યમાં ૫ સ્ટેટ હાઈવે પણ બંધ છે.

રાજ્યમાં વરસાદની સ્થિતિને લઈ તંત્ર એક્શન મોડ પર આવ્યું છે. આ દરમિયાન રાજ્યમાં ભારે વરસાદના પગલે ૧૩૦ રસ્તા બંધ થયા છે. જ્યારે ૫ સ્ટેટ હાઈવે વરસાદના કારણે બંધ થયા છે. આ સાથે પંચાયત હસ્તકના ૧૧૧ રોડ બંધ થયા છે. જ્યારે ૧૪ અન્ય માર્ગો બંધ થયા છે. સૌથી વધુ રસ્તા પોરબંદરમાં ૩૨ માર્ગો બંધ થયા છે. વલસાડમા ૧૬ રસ્તા બંધ થયા છે. તાપી જીલ્લામાં ૦૩ રસ્તા બંધ થયા છે. સુરત જીલ્લામાં ૧૪ રસ્તા બંધ થયા છે.




Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com